# અરવલ્લીની ગીરીકંદરાઓનું ચોમાસામાં કામણ ખીલ્યું : ગીરીકંદરાઓ અને વહેતાં ઝરણાંથી આકર્ષણ

## બાયડના ઝાંઝરી, વિજયનગરની પોળોમાં પ્રવાસીઓનું આગમન






બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૭
સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં ચોમાસાના આરંભ સાથે પ્રકૃતિએ સોળે શણગાર સજ્યા છે. જે વિસ્તારોમાં વરસાદ વરસ્યો છે તે વિસ્તારોમાં કુદરતની લીલીછમ ચાદર જોવા મળી. સૂકીભઠ્ઠ ગીરીકંદરાઓ પણ મનમોહક લાગી રહી છે. વરસાદના આરંભ સાથે ગીરીકંદરાઓમાં ઝરણાં ખળખળ વહેતાં થયાં છે અને લીલાછમ ડુંગરોના નજારાને માણવા માટે પર્યટકો ઉમટી રહ્યા છે. જિલ્લામાં બાયડ તાલુકાના ઝાંઝરી અને પોળોનું પ્રવાસીઓને આકર્ષણ હોવાથી પ્રવાસીઓનો ધસારો શરૂ થયો છે. શનિ-રવિવારે બંન્ને પર્યટક સ્થળે કોરોનાના ડર વગર પ્રવાસીઓ જોવા મળ્યા.

જિલ્લાના પ્રવાસન ધામો હજુ પણ વધુ વિકાસથી વાંઝીયા રહ્યા છે. યોગ્ય આયોજનના અભાવે પર્યટક સ્થળોએ આવતા પ્રવાસીઓ હાલાકીનો સામનો કરતા હોય છે તેમ છતાં ચોમાસામાં અરવલ્લીની ગીરીકંદરાઓ સોળે કળાએ ખીલી ઉઠતી હોવાથી દૂર દૂરથી પ્રવાસીઓ આકર્ષાતા હોય છે. જિલ્લામાં વરસાદના આગમન સાથે જ ધરતીએ લીલું ઓઢણું ઓઢ્યું હોય તેવો નજારો આંખ અને હૈયાને ટાઢક આપી રહ્યો છે. ગત ઉનાળામાં આગ આંકતી ગરમીના કારણે ગીરીકંદરાઓ ઉજ્જડ બની ગઈ હતી પરંતુ આકાશમાંથી મેઘમહેર વરસતાં ચારેકોર પ્રકૃતિનું કામણ ફેલાયું છે. જિલ્લાની ગીરીકંદરાઓમાં પ્રકૃતિનું સાનિધ્ય દર વર્ષે ચોમાસામાં પ્રવાસીઓને આકર્ષતું હોય છે. તેમાંય વરસાદ પછી બાયડ તાલુકાના ડાભા નજીક પર્યટક સ્થળ ઝાંઝરીનું યૌવન પૂરબહારમાં ખીલી ઉઠ્યું છે. ચોમાસુ શરૂ થતાંની સાથે જ પર્યટક સ્થળોએ પ્રવાસીઓનો ધસારો શરૂ થયો છે. ઝાંઝરીના સ્થળે અમદાવાદ સહિતના સ્થળેથી પ્રવાસીઓ મોટી સંખ્યામાં ઉમટી રહ્યા છે. તે જ રીતે વિજયનગર તાલુકાના અભાપુરના જંગલ વિસ્તારમાં વરસાદની મોસમમાં જૈનપોળો તેમજ આસપાસનો વિસ્તાર લીલીછમ વનરાજીથી વધુ આકર્ષણરૂપ બની રહેતો હોય છે. જિલ્લામાં ચોમાસાની સીઝનમાં અરવલ્લીની ગીરીકંદરાઓમાં પ્રકૃતિના નયનરમ્ય નજારાને માણવા માટે દૂર દુરથી પ્રવાસીઓ ઉમટી રહ્યા છે.

# સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં શ્વેતક્રાંતિની હોડમાં દેશી ગાયનું મહત્વ ભૂલાયું

## દેશી ગાયના સ્થાને વિદેશી શંકર ઓલાદની ગાયનું વધતું વર્ચસ્વ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૭
સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં શ્વેતક્રાંતિની હોડમાં દેશી ગાયનું મહત્વ વિસરાતું જાય છે. વધુ દૂધની લાલસામાં વર્ણશંકર ઓલાદની જર્સી ગાયનો દબદબો પાછલા કેટલાક વર્ષોથી વધ્યો છે. છેલ્લા ૯ વર્ષમાં ગાયોની સંખ્યા ઉપર નજર કરીએ તો દેશી ગાયોનું સ્થાન શંકર ગાયો ઝડપથી લઈ રહી છે. બંન્ને જિલ્લામાં વર્ષ-૨૦૧૨ માં ગાયોની થયેલી ગણતરીમાં કુલ-૮,૪૪,૫૪૪ ગાયોમાં ૪,૭૩,૨૧૦ દેશી ગાયો સામે ૨,૪૧,૫૧૦ શંકર ગાયો નોંધાઈ છે અને ૯ વર્ષ દરમ્યાન તો શંકર ગાયોની સંખ્યા બમણી થઈ જતાં દેશી ગાય હોંશિયામાં ધકેલાઈ ગઈ છે.



ભારતીય સંસ્કૃતિમાં ગાયને માતાનું સ્થાન આપવામાં આવ્યું છે. ગાયના શરીરમાં ૩૩ કરોડ દેવતાનો વાસ માનવામાં આવે છે. પરંતુ હાલના યુગમાં ગાયોને આર્થિક ઉપાર્જનનું સાધન માનવામાં આવી રહી છે. તેમાંય પરંપરાગત કાંકરેજી તેમજ દેશી ગાય ધીરે ધીરે નામશેષ થવા લાગી છે. બંન્ને જિલ્લામાં વધુ દૂધ ઉત્પાદનની લાલસામાં વર્ણશંકર ઓલાદની ગાયોનો દબદબો વધ્યો છે. જિલ્લામાં દર મહિને પંજાબથી શંકર તેમજ જર્સી ગાયો ઉતારવામાં આવી રહી છે. પાછલા કેટલાક વર્ષોથી પશુપાલન વ્યવસાય વધ્યો છે પરંતુ દેશી ગાયો ઘટતી જાય છે. દેશી ગાય સામે વર્ણશંકર ઓલાદની ગાયો વધુ દૂધ આપતી હોવાથી પશુપાલકો પણ તેના તરફ આકર્ષાયા છે જેના કારણે જિલ્લામાં તબેલાઓમાં નજર કરો તો દેશી ગાયના સ્થાને શંકર ગાયો વધુ જોવા મળતી હોય છે. જિલ્લામાં છેલ્લા ૯ વર્ષથી ક્રોશબ્રીડ ગાયોની સંખ્યામાં ઝડપથી વધારો થઈ રહ્યો છે. ૯ વર્ષ અગાઉ બંન્ને જિલ્લામાં પશુપાલન વિભાગ દ્વારા ગાયોની સંખ્યા ગણતરી થઈ હતી જેમાં સાબરકાંઠામાં ૨,૩૮,૪૫૧ દેશી ગાય સામે ૧,૧૧,૬૮૬ શંકર ગાય જ્યારે અરવલ્લી જિલ્લામાં ૨,૩૪,૭૫૯ દેશી ગાય સામે ૧,૨૯,૮૨૪ શંકર ગાયો નોંધાઈ હતી પરંતુ ત્યાર પછી શ્વેતક્રાંતિની હોડમાં પરંપરાગત દેશી ગાયનું મહત્વ વિસારે પડી જતાં બંન્ને જિલ્લામાં દેશી ગાય કરતાં શંકર ઓલાદની ગાયોની સંખ્યામાં બમણો વધારો જોવા મળી રહ્યો છે. જ્યારે પશુપાલકોને ગાય ખરીદવા ડેરીના માધ્યમથી લોન આપવામાં આવે છે પરંતુ તેમાં પણ શંકર તેમજ જર્સી ગાય ખરીદવાની ફરજ પાડવામાં આવતી હોવાથી આવનારા દિવસોમાં કાંકરેજી તેમજ દેશી ગાયો લુપ્ત થઈ જાય તેવી સ્થિતિ ધીરે ધીરે ઉભી થઈ રહી છે. વિદેશમાં ભારતની દેશી તેમજ ગીર ગાયને વધુ મહત્વ આપવામાં આવી રહ્યું છે ત્યાં ઘર આંગણે પૂજનીય ગણાતી દેશી ગાયોની સંખ્યામાં સતત ઘટાડો જોવા મળી રહ્યો છે.

# સાબરકાંઠા, અરવલ્લીની નદીઓમાં ચોમાસા દરમ્યાન આડેધડ ખનિજ ખોદકામ

## ખાણખનિજ વિભાગ કુંભકર્ણની નિંદ્રામાં કે પછી..અન્ય કંઈ..!!

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૭
સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં ભરચોમાસે નદીઓમાં આડેધડ ખોદકામથી ખેડૂતોની ફળદ્રુપ જમીનો પૂરમાં તબાહ થઈ જાય તેવી સ્થિતિ ઠેકઠેકાણે જોવા મળી રહી છે. ચોમાસામાં નદીઓમાંથી રેતી-કાંકરાનું વહન કરવા માટે નિયમોને નેવે મૂકી નદીપટમાં જોખમી ખાડા તૈયાર કરવામાં આવતાં માનવ જીંદગીનો ભોગ લેવાય તેવી દહેશત છતાં ખાણ અને ખનિજ વિભાગ કુંભકર્ણની નિંદ્રામાં સરી પડ્યું છે. જિલ્લાની માઝૂમ, મેશ્વો, વાત્રક, હરણાવ તેમજ હાથમતી સહિતની નદીઓમાં લીઝ ધારકોને ચોક્કસ સર્વે નંબર ફાળવવામાં આવ્યા છે પરંતુ લીઝ ધારકો વધુ કમાઈ લેવાની લ્હાયમાં સર્વે નંબર છોડીને અન્ય સ્થળે આડેધડ ખનિજ ખોદકામ કરી રહ્યાની ફરિયાદ ઉઠી છે.

જિલ્લામાં ખાણખનિજ વિભાગની નિષ્ક્રિયતાથી લોકમાતા મનાતી નદીઓને મુખ્ય પ્રવાહથી અલગ થવું પડ્યું છે. બંન્ને જિલ્લામાંથી પસાર થતી નદીઓમાં આડેધડ ખનિજ ખોદકામ થઈ રહ્યું છે જેના કારણે નદીઓને વહેણ બદલવાની ફરજ પડી છે. જિલ્લામાં ખનિજ ખોદકામ માટેના નિયમોનું યોગ્ય પાલન થતું નથી જેના કારણે દર વર્ષે ચોમાસાની સીઝનમાં નદીનાં વહેણ બદલાવાથી ખેડૂતોની ફળદ્રુપ જમીનો તબાહ થઈ જતી હોય છે. જિલ્લામાં ચોમાસાના વિધિવત આરંભ પછી પણ આડેધડ ખનિજ ખોદકામ ઉપર કોઈ પાબંધી મૂકવામાં આવી નથી જેના કારણે આગામી ભારે વરસાદ સમયે નદીઓ ગાંડીતૂર બની ખેતરો તબાહ કરે તેવી દહેશત ખેડૂતો વ્યક્ત કરી રહ્યા છે. જિલ્લામાં નદીના પટમાં કાયદેસર રીતે લીઝ ધારકો ખનિજ ખોદકામ કરે તે માની શકાય છે પરંતુ ગેરકાયદેસર રીતે થતા ખોદકામે નદી કિનારાના ગામો માટે જોખમ ઉભું કર્યું છે. જિલ્લામાં કેટલીક નદીઓના પટમાં ખુદ લીઝધારકો પોતાના સર્વે નંબર છોડીને અન્ય સ્થળેથી ખનિજ ખોદકામ કરી વાહનો દ્વારા અન્ય સ્થળે પહોંચાડી રહ્યા છે. જિલ્લામાં ખાણખનિજ વિભાગની કામગીરી માત્ર કહેવા ખાતર બની રહી છે. જેના કારણે ચોમાસામાં નદીઓમાં થયેલ ખોદકામ માનવ તેમજ મૂંગા પશુધન માટે આત્મઘાતી સાબિત થાય તેવી સ્થિતિ છે. જિલ્લામાં રોજ ટનબંધ રેતી તેમજ કાંકરાનું યાંત્રિક મશીનથી ખોદકામ થઈ રહ્યું છે પરંતુ ખાણ ખનિજ વિભાગના ઉચ્ચ અધિકારીઓને ખનિજ ખોદકામમાં નિયમોનું યોગ્ય પાલન થાય છે કે કેમ..?? તે સ્થળ ઉપર જઈને જોવાની પણ ફુરસદ ન હોવાથી ભરચોમાસે જિલ્લામાં ગેરકાયદે ખનિજ ખોદકામનો ધમધમાટ જોવા મળી રહ્યો છે.

# નવા શૈક્ષણિક સત્રનો બિહામણો ચહેરો : શિક્ષણ કાર્ય “લૉકઅપ”, બાળકો શિક્ષણના બદલે મજૂરીએ વળ્યા

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૭
રાજ્યમાં તા.૭ જુનથી નવા શૈક્ષણિક સત્રનો પ્રારંભ થયો. શાળા-કોલેજોમાં વિદ્યાર્થીઓની હાજરી સાથે શૈક્ષણિક કાર્ય ક્યારે શરૂ થશે..?? તે કહેવું મુશ્કેલ છે. સાબરકાંઠા, અરવલ્લીના ૩૩૦૦ થી વધુ શૈક્ષણિક સંકુલો વિદ્યાર્થીઓની હાજરી વગર ખૂલ્યા છે. એક રીતે શિક્ષણ કાર્ય લૉકઅપ કરી શિક્ષણના પૂંજારી એવા ગુરૂજનો જ માત્ર શાળામાં નિયમિત આવે છે. તા.૧૦ જૂનથી શેરી શાળા શિક્ષણ શરૂ થયું છે. કેટલાક વાલીઓને તો જાણે પોતાના સંતાનને ભણાવવાની કોઈ ગરજ ન હોય તે રીતે શિક્ષકોને ભણાવવા જાય ત્યારે હડધૂત કરાતા હોય તેવો વર્તાવ કરતા હોય છે. સરકાર અને શિક્ષણ વિભાગ પણ ગરીબ પરિવારના બાળકો સારૂ શિક્ષણ મળે તે માટે કોરોનાના કપરા કાળમાં શિક્ષકોના જીવના જોખમથી શિક્ષણ કાર્ય આરંભ્યું પરંતુ શ્રમજીવી પરિવારો તેમના બાળકને હોમલર્નિંગ શિક્ષણ માટે મોટાભાગે પ્રોત્સાહીત કરતા નથી. નવા શૈક્ષણિક સત્રમાં શાળાઓમાં શિક્ષણકાર્ય શરૂ થયું નથી અત્યારે હોમલર્નિંગ શિક્ષણ આપવામાં આવે છે પરંતુ અનેક ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં બાળકો શેરી શિક્ષણમાં ભાગ લેવાના બદલે મજૂરી તરફ વળ્યા છે. આવી જ એક તસવીર ઘણું બધું કહી જાય છે.



# સાબરકાંઠા, અરવલ્લી જિલ્લો અનલૉક : માર્ગો ઉપર ઓવરલોડ ટ્રકોની બેરોકટોક હેરાફેરી : આર.ટી.ઓ.નું સૂચક મૌન

## કપચી, ગ્રીટ અને રેતી ભરેલા ઓવરલોડ વાહનોને પીળો પરવાનો..!!

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૭
સાબરકાંઠા, અરવલ્લી જિલ્લો સંપૂર્ણ અનલૉક થયો એ સાથે કપચી, ગ્રીટ અને રેતી ભરીને દોડતા ઓવરલૉડ વાહનોની સંખ્યા આશ્ચર્યજનક રીતે વધી છે. માર્ગો ઉપર બેરોકટોક ઓવરલોડ ટ્રકો દોડતી હોવા છતાં આર.ટી.ઓ.ના સૂચક મૌનથી અનેક સવાલો ઉભા થયા છે. અનલૉકમાં શહેરી વિસ્તારમાં બાંધકામ ઉદ્યોગ ધમધમ્યો છે જેના કારણે હજારો શ્રમજીવીઓને રોજગારી મળી રહી છે પરંતુ ઓવરલોડ દોડતા વાહનોના કારણે રોડ અને બ્રીજને મોટું નુક્સાન થવાની સંભાવના છે.

જિલ્લામાં રેતી, કપચીની ખાણોમાંથી ખનિજ ભરીને અસંખ્ય ટ્રકો ઓવરલોડ સાથે દોડતી હોવા છતાં વિભાગ દ્વારા આંખ ખાડા કાન કરી ભેદી મૌન સેવાતાં આર.ટી.ઓ.ની કામગીરી કોરોના કાળમાં ચર્ચાસ્પદ બની છે. આર.ટી.ઓ. વિભાગના અધિકારી-કર્મચારીઓને માત્ર ઉઘરાણામાં જ રસ હોય તે રીતે રજાના દિવસે ચોક્કસ હાઈવે માર્ગો ઉપર સરકારી વાહન લઈ ઉભા થઈ જાય છે અને તેમના સિક્યુરીટી ગાર્ડ અથવા તો ફોલ્ડરીયાઓ દ્વારા દસ્તાવેજ ચકાસવાના દેખાડા કરી ખિસ્સાં ભરી રહ્યા છે. ગત વર્ષે આ સમય દરમ્યાન હિંમતનગર-શામળાજી હાઈવે માર્ગ ઉપર રાજેન્દ્રનગર ચોકડી પાસે રવિવારના દિવસો ખાણખનિજ વિભાગના અધિકારીઓ સરકારી વાહન સાથે ગોઠવાઈ ગયા હતા અને માત્ર વાહન ચાલકો પાસેથી વહીવટ કરવાનો ઈરાદો હોય તે રીતે તેમના સિક્યુરીટી ગાર્ડ વાહનોના દસ્તાવેજ ચકાસતા જોવા મળ્યા હતા તે જ રીતે માર્ગો ઉપર આર.ટી.ઓ. કચેરીના વાહનો નક્કી કરેલા પોઈન્ટ ઉપર ગોઠવાય છે અને ઓવરલોડ જણાતા વાહનોને થોભાવી તપાસનું ડીંડક ચલાવવામાં આવતું હોવાના આક્ષેપ ઉઠ્યા છે. બંન્ને જિલ્લાના કલેક્ટરો દ્વારા ઓવરલોડ વાહનો સામે આર.ટી.ઓ. દ્વારા થતી કામગીરીમાં ક્યાંક કાચુ કપાતું નથી ને..?? તેની પણ તપાસ થવી જોઈએ.



યાત્રાધામ શામળાજી સહીત જીલ્લામાં મેઘો મહેરબાન : ભારે બફારા થી રાહત,વાતાવરણમાં ઠંડક પ્રસરી,ખેડૂતોમાં આનંદ... મોડાસા,માલપુરમાં અર્ધો ઈંચ વરસાદ ખાબક્યો હતો. આમ મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રી થતાં ખેડૂતોમાં ખુશાલીનો માહોલ જોવા મળી રહયો હતો.

# પશુપાલકો આનંદો : ઉત્તર ગુજરાતમાં ડેરી ફાર્મ માટે સરકાર મદદ કરશે, જમીન વિહોણા પશુપાલકોને પણ લાભ

## ૫૦ પશુઓ રાખવા ફરજીયાત

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૭
ગુજરાત સરકારે શ્વેતક્રાંતિનો મહત્વનો નિર્ણય લીધો છે. રાજ્યમાં ડેર ફાર્મ ઉદ્યોગ વધુ વિકસે તે માટે ગુજરાત સરકાર આર્થિક મદદ કરશે. ૫૦ પશુઓ રાખવા ફરજીયાત છે. જમીન વિહોણા પશુપાલકોને પણ લાભ મળે તેવી જોગવાઈ કરવામાં આવી છે અને આ માટે આઈ ખેડૂત પોર્ટલ ઉપર અરજી કરવાની રહેશે. ઉત્તર ગુજરાતમાં મોટેભાગે પશુપાલનનો વ્યવસાય ફૂલ્યોફાલ્યો છે આ સંજોગોમાં પશુપાલકો માટે કોરોનાના કપરાકાળમાં આનંદદાયક સમાચાર બહાર આવ્યા છે.

કોંગ્રેસ ગમે તેટલી ટીકા કરે પરંતુ ગુજરાતની ભાજપ સરકારના અનેક નિર્ણય પશુપાલકો અને ખેડૂતો માટે ફાયદાકારક અને લાંબાગાળે સમૃદ્ધી આપનારા બનવાની પૂરેપૂરી સંભાવના છે. રાજ્ય સરકારે પશુપાલન દ્વારા સ્વરોજગારીના હેતુ માટે કૃષિ વિભાગ દ્વારા ૫૦ દૂધાળા પશુઓના ફાર્મની સ્થાપના માટે પ્રોત્સાહન સહાય આપવાની યોજના જાહેર કરી છે. પશુપાલક દેશી દૂધાળા પશુઓની નવી ખરીદી તથા ડેરી ફાર્મનું નિયમ પ્રમાણે બાંધકામ કરી શકે તે માટે વિશેષ સરકારી સહાયનો નિર્ણય લીધો છે. યોજનાનું અમલીકરણ ગુજરાત કો.ઓપરેટીવ મિલ્ક માર્કેટીંગ ફેડરેશન દ્વારા કરવામાં આવશે. સાબરકાંઠા, અરવલ્લી, બનાસકાંઠા, પાટણ અને મહેસાણા જિલ્લાના દૂધ ઉત્પાદકોના કારણે જ ત્રણેય દૂધ સંઘોનું રાજ્યમાં આગવું મહત્વ છે અને હવે ડેરી ફાર્મ માટે ગુજરાત સરકાર આર્થિક સહાય કરવાનો નિર્ણય લેતાં ઉત્તર ગુજરાત દૂધ ઉત્પાદન ક્ષેત્રે સમગ્ર રાજ્ય નહીં પરંતુ દેશમાં અવ્વલ સ્થાન મેળવે તેવી પૂરી સંભાવના છે. મળેલી વિગતો અનુસાર પશુ ખરીદી માટે ઓછા ટકા વ્યાજે સહાય આપવામાં આવશે. લાભાર્થીઓને બેન્કમાંથી લોન મળે તે માટે ફેડરેશન તથા સબંધિત જિલ્લા ડેરી સંઘ દ્વારા બેન્ક સાથે જરૂરી સંકલન કરવાની સૂચના પણ આપવામાં આવી છે. યોજનાની સહાય લેનારા પશુપાલકે આઈ-ખેડૂત પોર્ટલ ઉપર અરજી અને માંગવામાં આવેલ દસ્તાવેજ અપલોડ કરવામાં આવશે અને ૭ દિવસમાં નિયત ઓફીસમાં પણ રજૂ કરવાના જણાવવામાં આવ્યું છે. આ યોજનાનો લાભ આજીવન એક જ વખત પરિવાર દીઠ એક પુખ્તવયની વ્યક્તિને મળવાપાત્ર છે. યોજના હેઠળ સહાય માટે પશુ ખરીદી, ડેરી ફાર્મનું બાંધકામ અને પશુઓનો વિમો એમ ત્રણેય જરૂરીયાત પ્રમાણેના કોમ્પોનન્ટ ફરજીયાત રહેશે. પશુપાલકે ૫૦ પશુની ખરીદી કરવાની સાથે ડેરી ફાર્મનું નવું બાંધકામ ૬૭૦૦ ચોરસફૂટ રાખવું પડશે.